# <u>સુરેન્દ્રનગર જિલ્લો સાફલ્યગાથા</u>

રાજકોટ રેન્જ આઇ.જી.પી.શ્રી ડી.એન.પટેલ સાહેબ તથા સુરેન્દ્રનગર જીલ્લા પોલીસવડાશ્રી આર.એફ.સંગાડા સાહેબની સુચનાથી લીંબડી ના.પો.અધી.શ્રી એચ.કે.વાઘેલા સાહેબના માર્ગદર્શન હેઠળ લીંબડી પો.સ્ટે.માં નોંધાયેલ મીલ્કત વિરૂધ્ધના ગુન્હા શોધવાના સફળ પ્રયાસરૂપે લીંબડી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૩/૨૦૧૬ આઇ.પી.સી. કલમ-૩૭૯ મુજબનો ગુન્હો શોધી કાઢવા માટે લીંબડી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી વાય.એમ.ગોહિલ, આર. આર. સેલના ઇન્દુભા, લક્ષ્મણસિંહ સહિત લીંબડી પોલીસ સ્ટાફના પો.હેડ કોન્સ. નંદલાલભાઇ, પો.કોન્સ. શિવરાજસિંહ, પો.કોન્સ વિજયભાઇ, પો.કોન્સ દશરથસિંહ, પો.કોન્સ હરીચંદ્રસિંહ, પો.કોન્સ દિગુભા તથા પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ એ રીતેના સ્ટાફના માણસો આ ગુન્હામાં ચોરાયેલ મુદામાલ તથા આરોપીની શોધખોળમાં રહી આ ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી ચોર મુદામાલ તથા આરોપીને લીંબડી સાયલા હાઇવે પરની મોરવાડ ગામના પાટીયાથી આગળ આવેલ જય બજરંગ નામની હોટલેથી તા.૦૮/૦૫/૨૦૧૬ ના કલાક ૧૭/૩૦ વાગ્યે ઝડપી પાડી આરોપી વિરાજભાઇ પ્રવિણભાઇ રાણા ઉ.વ.૨૪ રહે.ભાવનગર ઠે.સ્વસ્તીક પાર્ક-૧ પ્લોટ નં.૧૧૦ હિમપાર્કની સામે સિદસર રોડવાળાને ધાણા બોરી નંગ-૪૦૦ કી.રૂ.૮,૪૦,૦૦૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી કરી સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ ધ્વારા સારી કામગીરી કરવામાં આવેલ હતી.



ભેદ ઉકેલાયો | મોરવાડ પાસેની હોટલમાંથી ધાણા ચોરનારને ઝડપી લેવાયો

## લીંબડી હાઈવે:₹ 8.40 લાખનાં ધાણા ચોરી કેસમાં એક શખ્સ બે દિવસના રિમાન્ડ પર

**પકડાયેલો આરોપી ભાવનગર શહેરના સિદસરનો રહેવાસી હોવાનું બહાર આવ્યું**

પૂછપરછમાં પોલીસે આરોપી પાસેથી 400 નંગ ધાણાની બોરી જપ્ત કરી

ભાસ્કર ન્યૂઝ. સુરેન્દ્રનગર

લીંબડી હાઈવે પર ઉભેલી ટ્રકમાંથી રાત્રિના સમયે ધાણા - જીરૂના કટ્ટા ઉઠાંતરી થતા ચકચાર ફેલાઈ હતી. આ બનાવમાં ટ્રક માલીકે રૂપિયા 8.40 લાખના મુદ્દામાલની ચોરી થયાની ફરિયાદ કરતા પોલીસતંત્ર દોડતુ થઈ ગયુ હતું. ત્યારે મોરવાડના પાટીયા પાસેની હોટલેથી શખ્સને મુદ્દામાલ સાથે દબોચી લઈને બે દિવસનાં રિમાન્ડ પર પોલીસે તપાસ હાથ ધરી હતી.

લીંબડી હાઈવે પરની હોટલ કંપાઉન્ડમાં પાર્ક કરેલા ટ્રકમાંથી ધાણાની બોરીઓ ઉઠાવી જતાં ચકચાર ફેલાઈ હતી. આ બનાવમાં ટ્રકચાલક સુધિરભાઈ પ્રભુદાસભાઈ બાવાજીએ રૂ. 8.40 લાખના ધાણાના કટ્ટાની ઉઠાંતરી કરી કોઈ તત્વો ફરાર થઈ ગયાની પોલીસ ફરીયાદ નોંધાવી હતી. લીંબડી પંથકમાં મિલકત વિરૂદ્ધના વધી રહેલા ગુનાઓની ગંભીરતા લઈને રાજકોટ રેંજ આઈ.જી.પી. ડી.એન.પટેલ તેમજ જિલ્લા પોલીસવડા આર.એફ.સંઘાડાની સૂચનાથી તપાસનો ધમધમાટ શરૂ કરાયો હતો. જેમાં લીંબડી ડીવાય. એસ.પી. એચ.કે.વાઘેલાના માર્ગદર્શન નીચે લીંબડી પી.એસ.આઈ. વાય.એમ.ગોહિલ,આર.આર.સેલનાં ઈન્દુભા, લક્ષ્મણસિંહ સહિત લીંબડી સ્ટાફે જુદી જુદી ટીમો બનાવીને સંયુક્ત ઓપરેશન હાથ ધર્યુ હતું. ત્યારે લીંબડી સાયલા હાઈવે પરના મોરવાડ ગામના પાટીયાથી આગળ આવેલ જય બજરંગ નામની હોટલેથી એક શખ્સને દબોચી લીધો હતો. ત્યારે આ શખ્સ સ્વસ્તીક પાર્ક-1 પ્લોટ નં. 110 હિમપાર્કની સામે સિદસર રોડ ભાવનગરના વિરાજભાઈ પ્રવિણભાઈ રાણા હોવાનુ ખૂલ્યુ હતું. પોલીસની પૂછપરછમાં ભાંગી પડેલા આ શખ્સ પાસેથી રૂ. 8.40 લાખની કિંમતની ધાણાની બોરી નંગ-400 ચોરીનો મુદ્દામાલ પણ મળી આવ્યો હતો. આ બનાવમાં વિરાજભાઈ પ્રવિણભાઈ રાણાને લીંબડી કોર્ટમાં રજૂ કરવામાં આવતા બે દિવસના રિમાન્ડ પર લીંબડી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.